રાજકોટ  શહેર પોલીસ દ્વારા કરવામાં આવેલ સારી કામગીરીની વિગત નીચે મુજબ છે.

સાયબર સેલ ક્રાઇમ બ્રાન્ચ માહે ૧/૨૦૨૧ ની સારી કામગીરી

| ક્રમ | વિગત | સંખ્યા | કિંમત | રીમાર્કસ |
|---|---|---|---|---|
| ૧ | Mobile Recover | 308 | 44,83,381/- | કુલ ૩૦૮ મોબાઇલ કિંમત રૂ.૪૪,૮૩,૩૮૧/- ના મોબાઇલ રીકવર કરી પરત અરજદારોને સોપ્યા |
| ૨ | Social App. | 65 | - | ચાલુ માસે સોસીયલ મીડીયાની અરજી અન્વયે ફેસબુક તેમજ અન્ય સોર્સ મારફતે માહિતી મેળવી અરજીનો રીપોર્ટ કરેલ છે. |
| 3 | Financial Fraud | 24 | 2,06,689/- | કુલ-૨૪ અરજી જેમાં રૂ. ૨,૦૬,૬૮૯/- પેમેન્ટ ગેટ-વે મારફતે પરત ભોગ બનનાર ના એકાઉન્ટમાં જમા કરાવેલ. |

# RAJKOT CITY
# CRIME BRANCH

## સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા પોલીસ સ્ટેશનના લુંટના ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસ્તા ફરતા આરોપીઓને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

પોલીસ મહાનીર્દેષક અને મુખ્ય પોલીસ અધીકારીશ્રી ગુ.રા. ગાંધીનગર તરફથી નાસતા ફરતા આરોપીઓ પકડવા અંગેની ડ્રાઇવ ચાલુમા હોય અને રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ખુરર્શીદ અહેમદ સાહેબ, તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૧ શ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ, તથા નાયબ પોલીસ કમિશ્નર ઝોન-૨ શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ નાઓ દ્વારા રાજકોટ શહેરમાં મીલ્કત સંબંધી ગુન્હાઓ તેમજ નાસતા ફરતા આરોપીઓ શોધી કાઢવા સારૂ સુચના કરેલ જે કરેલ સુચના અન્વયે એ.સી.પી.ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ તથા પોલીસ ઇન્સપેક્ટર વી.કે.ગઢવી સાહેબના માર્ગદર્શન હેઠળ **પો.સબ.ઇન્સ. યુ.બી.જોગરાણા** તથા ટીમના માણસો સતત પ્રયત્નશીલ હતા.દરમ્યાન રાજકોટ શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનના એ.*એસ.આઇ.ચેતનભાઇ ચાવડા તથા પો.કોન્સ.કરણભાઇ મારૂ ને મ*ળેલ હકિકતના આધારે નીચે જણાવેલ આરોપીઓને રાજકોટ શહેર ખાતેથી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે.

- આરોપીઓ-
- (૧) જીગો ઉર્ફે રફીક હુસેનભાઇ પઠાણ ઉવ.૨૭ ધંધો-કેટ્રેસ રહે.નવ હથાપીરની દરગાહનીપાસે, મફતીયા પરા, જસદણ તા.જસદણ જી.રાજકોટ
- (૨)નીતાબેન વા/ઓ કમલેશભાઇ બાવળીયા જાતે-કોળી ઉવ.૩૩ ધંધો-ઘરકામ રહે.આજી વસાહત, નંકલંક પાર્ક પાસે, શેરી નં.-૨, રાજકોટ શહેર

ગુન્હાની વિગતઃ-

- આ કામેના ફરીયાદી અશ્વિનભાઇ પટેલ તેની સ્ત્રી મિત્ર સાથે ગઇ તા.૦૫/૦૨/૨૦૧૯ ના રોજ પોતાની બ્રેઝા ગાડીમાં ફરવા માટે ચોટીલા થી આંણદપર સણોસરા ગામથી આગળળ ડુંગરાળ વિસ્તારમાં ગયેલ અને તયાર બાદ ગાડી પાસે પરત આવતા શામજીભાઇ ધોબી તથા અતુલ સદાદીયા તથા સંજય ચૌહાણ વાળાઓ ત્યાં આવેલા અને પોલીસ તરીકેની ઓળ આપેલ અને બે ત્રણ લાઠી મારી પોલીસ સ્ટેશન લઇ જલ નગ્ન કરાવી લાઠી વડે મારવાની ધમકી આપી ફરીયાદીના રૂ।૧૦,૦૦૦/- બળજબરી પુર્વક કાઢી લઇ લુંટ કરેલ  આવખતે ઉપરોકત આરોપીઓએ સંપર્કમાં રહી મદદગારી કરી ગુન્હો કરેલ.

- કામગીરી કરનાર અધીકારી તથા સ્ટાફના માણસોના નામ-
- રાજકોટ શહેર ડી.સી.બી.પો.સ્ટે.ના પો.ઇન્સ વી.કે. ગઢવી તથા પો.સબ.ઇન્સ.યુ.બી.જોગરાણા ,તથા એ.એસ.આઇ **ચેતનભાઇ ચાવડા તથા બીપીનભાઇ ગઢવી પોલીસ હેડ કોન્સ. સંતોષભાઇ મોરી તથા અભીજીતસિંહ જાડેજા તથા જયંતીભાઇ ગોહીલ તથા પો.કોન્સ.ઇન્દ્રજીતસિંહ ગોહિલ, કરણભાઇ મારૂ નાઓ દ્વારા કામગીરી કરવામા આવેલ છે.**

( વી. કે. ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે

પ્રેસનોટ

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

## ખુનની કોશીષના ગુન્હામા નાસતા-ફરતા આરોપીને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવિણકુમાર સાહેબ ઝોન-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-ર તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ નાઓએ નાસતા-ફરતા આરોપીઓની પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર પી.એમ.ધાખડા તથા તેમની ટીમના માણસો સતત પ્રયત્શીલ હતા દરમ્યાન ટીમના કુલદીપસિંહ જાડેજા, અમીતભાઇ અગ્રાવત, પ્રદીપસિંહ જાડેજાને મળેલ હકીકત આધારે રાજકોટ શહેર એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.ન.-૧૧૨૦૮૦૫૦૨૦૨૮૨૪/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૦૭,૫૦૪,૫૦૬(૨),૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯ વી. મુજબના કામે અટક કરવાના બાકી આરોપી ફારૂક યુસુફભાઇ કટારીયાને મોરબી રોડ ઓરબ્રીજ નજીકથી પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ આરોપીઃ-

ફારૂક યુસુફભાઇ કટારીયા જાતે- ખાટકી ઉ.વ.૨૧ રહે.- મોરબી રોડ શાળા નંબર-૭૭ ની સામે, જુનુ સીટી સ્ટેશન બારદાન ગલી પાસે તથા રૈયા ધાર સ્લમ કવાટર લાભભારઇ ભરવાડ ના મકાન મા રાજકોટ

➢ આરોપીનો ગુન્હાહિત ઇતીહાસ-

(૧) એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.ન. ૨૧૮/૨૦૧૭ આઇ.પી.સી. કલમ ૩૦૭,૩૯૨,૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ વી.

(૨) એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.ન. ૭૬/૨૦૧૮ આઇ.પી.સી. કલમ-૩૨૪,૫૦૪,૧૧૪, તથા જી.પી. એકટ કલમ ૧૩૫(૧) વી

(૩) એ ડીવીઝન પો.સ્ટે. ગુ.ર.ન.- ૧૧૨૦૮૦૫૦૨૦૨૮૨૪/૨૦૨૦ આઇ.પી.સી. કલમ ૩૦૭,૫૦૪,૫૦૬(૨),૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯ વી. મુજબ

(૪) પાસા અટકાયત- ૧ એડીવીઝન પો.સ્ટે.

➢ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ ઇન્સપેકટર વી.કે.ગઢવી તથા પો.સબ.ઇન્સ. પી.એમ.ધાખડા તથા પો.હેડ કોન્સ. મયુરભાઇ પટેલ, અમીતભાઇ અગ્રાવત, વિરેન્દ્રસિંહ ઝાલા, તથા પો.કોન્સ., નગીનભાઇ ડાંગર, કુલદિપસિંહ જાડેજા સંજયભાઇ રૂપાપરા, પ્રદીપસિહ જાડેજા, જયદીપસિંહ ઝાલા દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૧૬/૦૧/૨૦૨૧

(વી.કે.ગઢવી)<br>
પોલીસ ઇન્સ્પેકટર<br>
ડી.સી.બી. પોલીસ સ્ટેશન<br>
રાજકોટ શહેર

-: પ્રેસ નોટ :-

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

Gujarat Police
ગુજરાત પોલીસ

## ➤ છેલ્લા દોઢેક વર્ષથી પ્રોહીબિશન ગુનામાં નાસ્તા ફરતા આરોપીની ધરપકડ કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ ➤

➤રાજકોટ શહેરના મ્હે.પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા પ્રવિણકુમાર મીણા, ડી.સી.પી. ઝોન-૨ સાહેબ, તથા મનોહરસિંહ જાડેજા, ડી.સી.પી. ઝોન-૧ સાહેબ તથા એ.સી.પી ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા અને તેમજ નાસ્તા ફરતા આરોપીઓને શોધી કાઢવા અંગે અસરકારક કામગીરી કરવા સુચના આપેલ

➤જે અનુસંધાને અમારા સીધા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી.પો.સ્ટે.ના પોલીસ સબ ઇન્સપેકટર વી.જે.જાડેજા તથા ટીમના માણસો એ.એસ.આઇ.જયેશભાઇ પી.નિમાવત તથા ચેતનસિંહ વી.ચુડાસમાં તથા રાજદિપસિંહ ડી.ગોહીલ તથા પો.હેડ કોન્સ.મહેન્દ્રસિંહ વી.જાડેજા તથા હિતેન્દ્રસિંહ પી. ઝાલા, ભરતસિંહ બી.પરમાર વિગેરે નાઓ સાથે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના પોલીસ હેડ કોન્સટેબલ હિતેન્દ્રસિંહ પી. ઝાલા તથા મહેન્દ્રસિંહ વી. જાડેજા નાઓને ખાનગી બાતમી અન્વયે ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનના પ્રોહી.ગુ.ર.નં.-૦૨૦૧/૨૦૧૯ પ્રોહી.કલમ-૬૫ઇ,૧૧૬બી, મુજબના ગુના કામે નાસ્તા ફરતા આરોપીને આજરોજ તા.૨૫/૦૧/૨૧ ના રોજ ખાનગી રાહે હકિકતના આધારે હોસ્પીટલ ચોક પાસે રોડ પર રાજકોટ ખાતેથી મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન સોપી આપવા તજવીજ કરેલ છે.

| અ.નં. | પોલીસ સ્ટેશન | ગુ.ર.નં. તથા કલમ | આરોપી નું નામ સરનામું |
|---|---|---|---|
| ૧ | ગાંધીગ્રામ પો. સ્ટેશન | પ્રોહી.ગુ.ર.નં.-૦૨૦૧/૨૦૧૯ પ્રોહી.કલમ-૬૫ઇ,૧૧૬બી | પ્રવિણ ઉર્ફે પવુભા વલકુભાઇ ધાંધલ ઉવ-૨૮ ધંધો-ડ્રાયવીંગ રહે.ખેરાણા તા.ચોટીલા જી.સુરેન્દ્રનગર |

➤આરોપીનો ગુનાહિત ઇતીહાસઃ-

| અ.નં. | પોલીસ સ્ટેશન | ગુ.ર.નં. તથા કલમ |
|---|---|---|
| ૧. | ચોટીલા પો.સ્ટેશન, જીલ્લો-સુરેન્દ્રનગર | પ્રોહી.ગુ.ર.નં.-૦૦૯૫/૨૦૧૯ પ્રોહી.કલમ-૬૫ઇ,૧૧૬બી,૯૮(૨) |
| ૨. | વાકાંનેર સીટી પો.સ્ટેશન, જીલ્લો-મોરબી | સેકન્ડ ગુ.ર.નં.-૦૧૬૮/૨૦૨૦ ઇ.પી.કો. કલમ-૨૮૩ |
| ૩. | વાકાંનેર તાલુકા પો.સ્ટેશન, જીલ્લો-મોરબી | સેકન્ડ ગુ.ર.નં.-૦૦૫૬/૨૦૨૧ ઇ.પી.કો. કલમ-૧૮૮ |

➤કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઃ-

પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.કે.ગઢવી, તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી વી.જે.જાડેજા, તથા એ.એસ.આઇ. જયેશભાઇ પી.નિમાવત,ચેતનસિંહ વી.ચુડાસમા તથા રાજદિપસિંહ ડી.ગોહીલ તથા પો.હેડ કોન્સ.હિતેન્દ્રસિંહ પી.ઝાલા, મહેન્દ્રસિંહ વી.જાડેજા, ભરતસિંહ બી.પરમાર નાઓ ધ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૨૫/૦૧/૨૦૨૧

( વી.કે.ગઢવી )
પોલીસ ઇન્સપેકટર
ડી.સી.બી પો.સ્ટેશન
રાજકોટ શહેર

-:: પ્રેસ નોટ ::-

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

➢ ગાંધીધામ પુર્વ-કચ્છ જીલ્લાના અંજાર પોલીસ સ્ટેશનના ખુનની કોશીષ (ઇ.પી.કો. કલમ-૩૦૭.વિ.) જેવા ગંભીર પ્રકારના ગુન્હામા નાસ્તા ફરતા ચાર આરોપીઓની ધરપકડ કરતી

## રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેરના મ્હે.પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા પ્રવિણકુમાર મીણા, ડી.સી.પી. ઝોન-ર સાહેબ, તથા મનોહરસિંહ જાડેજા, ડી.સી.પી. ઝોન-૧ સાહેબ તથા એ.સી.પી ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ નાઓએ મિલ્કત સબંધી ગુન્હાઓ બનતા અટકાવવા અને તેમજ નાસ્તા ફરતા આરોપીઓને શોધી કાઢવા અંગેની ડ્રાઇવ ઝુંબેશ ચાલુમાં હોય જેથી તે અંગેની અસરકારક તેમજ ફળદાયક કામગીરી કરવા સુચના આપેલ

⇨ જે અનુસંધાને અમારા માર્ગદર્શન હેઠળ ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ સબ ઇન્સપેકટર વી.જે.જડેજા તથા ટીમના માણસો એ.એસ.આઇ.જયેશભાઇ પી.નિમાવત તથા ચેતનસિંહ વી.ચુડાસમાં તથા રાજદિપસિંહ ડી.ગોહીલ તથા પો.હેડ કોન્સ.હિતેન્દ્રસિંહ પી.ઝાલા તથા મહેન્દ્રસિંહ વી.જાડેજા તથા ભરતસિંહ બી.પરમાર વિગેરે નાઓ સાથે પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના પોલીસ હેડ કોન્સ.-હિતેન્દ્રસિંહ પી.ઝાલા તથા મહેન્દ્રસિંહ વી.જાડેજા તથા **એ.એસ.આઇ.જયેશભાઇ પી. નિમાવત, ચેતનસિંહ વી.ચુડાસમાં** નાઓને ખાનગી બાતમીના આધારે.

⇨ ગઇ તા.૨૦/૦૧/૨૦૨૧ ના રોજ અંજાર પોલીસ સ્ટેશનના દેવળીયા નાકા અંજાર ખાતે ખુનની કોશિષ ગુનો બનેલ હતો જેમાં ફરીયાદી તથા સાહેદ ને જાન થી મારી નાખવાના ઇરાદે ફરીયાદી તથા સાહેદ ઉપર છરી, ટામી, તથા લાકડી વડે કુલ-૧૧ આરોપીઓએ હુમલો કરેલ હતો.

⇨ જે પૈકીના નીચે મુજબના નામ, સરનામા વાળા ચાર આરોપીઓ ગુનો કર્યા બાદ અંજાર થી કાળા કલરની નંબર વગરની ક્રેટા ગાડીમાં નાશી ગયેલ હતા અને ચારેય આરોપીઓ રાજકોટ ખાતે અલગ અલગ વિસ્તારમાં ફરતા હતા જે મુજબ આજરોજ ચોકકસ ખાનગી બાતમી અન્વયે ચારેય આરોપીઓને **પેડક રોડ, બાલક હનુમાન ચોક પાસે રાજકોટ** ખાતેથી મળી આવતા કાયદેસરની કાર્યવાહી કરી **અંજાર પોલીસ સ્ટેશન- પુર્વ-કચ્છ ગાંધીધામ** સોપી આપવા તજવીજ કરેલ છે.

➔ આરોપીઓઃ-

| અ.નં. | જીલ્લો તથા પોલીસ સ્ટેશનનું નામ | આરોપીઓના નામ, સરનામું |
|---|---|---|
| ૦૧ | ગાંધીધામ પુર્વ-કચ્છ<br>અંજાર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.-૧૧૯૯૩૦૦૩૨૧૦૦૪૫/૨૦૨૧<br>**ઇ.પી.કો.કલમ-૩૦૭,૧૪૩,૧૪૭, ૧૪૮,૩૨૩,૩૨૪,૧૧૪ તથા જી.પી. એકટ કલમ-૧૩૫ મુજબ** | (૧)ઇમ્તીયાઝ ઓસમાણ જત જાતે-મુસ્લીમ ઉવ.-૩૧ ધંધો-ફુલનો વેપાર રહે.વીડીગામ તા.અંજાર જી.ભુજ-કચ્છ |
| | | (૨)સદામ કાસમ જત જાતે-મુસ્લીમ ઉવ.-૨૮ ધંધો-ફુલનો વેપાર **રહે.વીડીગામ તા.અંજાર જી.ભુજ-કચ્છ** |
| | | (૩)જાકીર કાસમ જત જાતે-મુસ્લીમ ઉવ.-૨૪ ધંધો-ફુલનો વેપાર **રહે.વીડીગામ તા.અંજાર જી.ભુજ-કચ્છ** |
| | | **૪) ફૈઝાન ઉર્ફે ફૈજુ ઉંમર જત જાતે-મુસ્લીમ ઉવ.-૨૪ ધંધો-ફુલનો** વેપાર રહે.વીડીગામ તા.અંજાર જી.ભુજ-કચ્છ |

➢ કબજે કરેલ મુદામાલ:-

**(૧)એક કાળા કલરની નંબર વગરની હુન્ડાઇ કંપનીની ક્રેટા ગાડી નંબર વગરની જેના ચેસીસ નં.-MALPA 813LLM 102549 તથા એન્જીન નંબર- D4FALM135487 વાળી જેની કિ. રૂા.૧૦,૦૦,૦૦૦/-**

કામગીરી કરનાર અધિકારી/ કર્મચારીઃ-

પોલીસ ઇન્સ્પેકટર શ્રી વી.કે.ગઢવી, તથા પોલીસ સબ ઇન્સપેકટર શ્રી વી.જે.જાડેજા, તથા એ.એસ.આઇ. જયેશભાઇ નિમાવત, ચેતનસિંહ વી.ચુડાસમા તથા રાજદિપસિંહ ડી.ગોહીલ તથા પો.હેડ કોન્સ.હિતેન્દ્રસિંહ પી.ઝાલા, મહેન્દ્રસિંહ વી.જાડેજા, ભરતસિંહ બી.પરમાર નાઓ ધ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૦૧/૦૨/૨૦૨૧

( વી.કે.ગઢવી )
પોલીસ ઇન્સપેકટર
ડી.સી.બી પો.સ્ટેશન
રાજકોટ શહેર

# રાજકોટ શહેર

## ક્રાઇમ

□□□□□□□

## મર્ડરના આરોપીને ગણતરીની કલાકોમાં શોધી કાઢી ધરપકડ કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તથા શ્રી જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સા. નાઓએ ગઇકાલ તારીખ ૨૧/૦૧/૨૦૨૧ ના રોજ રાજકોટ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં મર્ડરનો ગુનો રજીસ્ટર થયેલ જે મર્ડરના ગુનાના આરોપી મહેશ મનસુખભાઇ સદાદીયાનાઓ મર્ડર કરી નાશી ગયેલ હોય જેને તાત્કાલીક ધરપકડ કરવા સુચના કરવામાં આવેલ જે અંગે અમોએ ડી.સી.બી.ની અલગ અલગ ટીમો કાર્યરત કરેલ હતી જેમાં ડી.સી.બી.ના પો.સબ ઇન્સ. એમ.વી.રબારી અને તેની ટીમ પણ કાર્યરત હતી જે દરમ્યાન પો.સબ ઇન્સ. એમ.વી.રબારીની ટીમના પો.હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા અને એભલભાઇ બરાલીયાનાઓને ખાનગી રાહે હકિકત મળેલ કે આ કામનો આરોપી મહેશ સદાદીયાનાઓ ચુનારા વાડ ચોકથી તે કનકનગર પાસે આવેલ પ્રજાપતીની વાડી પાસે આવેલા કારખાને જતો હોવાની ચોકકસ બાતમી મળતા તાત્કાલી બાતમીવાળી જગ્યાએ જતા આરોપી મળી આવતા નીચે મુજબ અટકાયત કરવામાં આવેલ છે.

➢ આરોપીઃ-

મહેશભાઇ મનસુખભાઇ સદાદીયા જાતે સુવાળીયા કોળી ઉવ. ૩૬ ધંધો કારખાનામાં નોકરી રહે. ૨૫ વારીયા કવાર્ટર નંબર ૫૪/૨ શકિત સોસાયટીની બાજુમાં જય જવાન જય કિશાન સોસાયટીની પાસે મોરબી રોડ રાજકોટ

➢ ગુનાની ટુંક વિગતઃ-

આ કામે મરણજનાર ભાવેશભાઇ કારૂભાઇ ચનીયારા ઉવ. ૨૨ વાળો આ કામના આરોપી મહેશભાઇ મનસુખભાઇ સદાદીયાનાઓનો કૌટુંબીક સાળો થતો હોય અને આ કામના મરણજનાર ઘણા સમયથી આરોપીના ઘરે જ રહેતો હોય જેથી આરોપીએ મરણનારને પોતાના ઘરે આવવાની ના કહેવા છતાં મરણજનાર આરોપીના રહેણાંકે આવતો હોય તે દરમ્યાન ગઇકાલ તા. ૨૧/૦૧/૨૦૨૧ ના રોજ કલાક ૧૩/૩૦ વાગ્યે મરણજનાર આરોપીના રહેણાંકે આવતા તેની સાથે ઝઘડો થતા આરોપીએ મરણજનારને છરીથી છાતીની જમણી સાઇડ તથા ડાબા ગાલ ઉપર તથા ડાબા હાથના બાવળામાં ઘા મારી ગંભીર જીવલેણ ઇજા કરી ભાવેશભાઇ ચનીયારાનું ખુન કરી મહે પો.કમી.સાશ્રીના હથીયાર બંધી જાહેરનામાંનો ભંગ કરી ગુનો કર્યો તે વિગેરે બાબતે રાજકોટ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદી શ્રી વિપુલભાઇ કારૂભાઇ ચનીયારા રહે. રાજકોટ વાળાએ ફરીયાદ આપતા ગુ.ર.નંબર ૧૧૨૦૮૦૫૧૨૧૦૩૩/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૩૦૨ તથા જી.પી.એકટ કલમ ૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર થયેલ છે.

➢ ગુનો કરવાનો હેતુઃ-

આ કામના મરણજનાર આરોપી મહેશભાઇ મનસુખભાઇ સદાદીયાનાઓનો કૌટુંબીક સાળો થતો હોય મરણજનાર છેલ્લા આઠ-નવ વર્ષથી આરોપીના ઘરે રહેતો હોય અને હાલમાં આરોપીનું રહેણાંક એક રૂમ રસોડુ જ હોય અને આરોપીની દીકરીઓ પણ મોટી થઇ ગયેલ હોય જેથી છેલ્લા ઘણા સમયથી આરોપી મરણજનારને બીજે કયાંક રહેવા માટે જવા જણાવેલ જેથી આરોપી બીજે રહેવા જતો રહેલ તેમ છતાં આરોપીના રહેણાંકે મરણજનાર અવારનવાર આવ-જા કરતો હોય જેથી આરોપી અને મરણજનાર વચ્ચે વારંવાર બોલાચાલી થતી અને ગત તા ૨૧/૦૧/૨૦૨૦૧ ના રોજ આરોપી કરખાનેથી ઘરે જમવા માટે આવેલ ત્યારે આ કામનો મરણજનાર આરોપીના ઘરમાં બેઠો હોય જેથી આ કામના આરોપીએ પોતાની પત્ની અને મરણજનાર બોલાચાલી કરેલ જે દરમ્યાન આરોપીએ ઉશ્કેરાઇ જઇ ઘરમાં શાકભાજી કાપવા રાખેલી છરી લઇ આરોપીએ ફરીને ત્રણથી ચાર ઘા મારી દીધેલ અને લોહી નિકળતા આરોપી ઢળી પડેલ જેથી આરોપી ગભરાઇ જતા તાત્કાલીક પાડોશીની રીક્ષામાં નાંખી તેને કુવાડવા રોડ ઉપર આવેલ મધુરમ હોસ્પીટલ લઇ ગયેલ જે દરમ્યાન આરોપીએ

મરનારના સગા વ્હાલાને ફોન કરી દેતા મરણજનાર રસ્તામાં મરણ જતા લાશ સહિત રીક્ષાને મરનારના સગાને સોંપી આરોપી નાશી ગયેલ હતો.

- નોંધઃ-

આ ગુનાની તપાસ શ્રી એમ.બી.ઐાસુરા પોલીસ ઇન્સપેકટર બી ડીવીઝન પોલીસ સ્ટેશન રાજકોટ શહેરનાઓ ચલાવી રહેલ હોય જેથી આ કામના આરોપીને બી ડીવીઝન પોલીસ સ્ટેશન સોંપી આપવામાં આવેલ છે.

- **આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ**:-

પો.ઇન્સ. વી.કે.ગઢવી તથા પો.સબ.ઇન્સ. એમ.વી.રબારી, એ.એસ.આઇ. જયેન્દ્રસિંહ એમ. પરમાર, પો.હેડ કોન્સ. પ્રતાપસિંહ ડી. ઝાલા, દીગ્વિજયસિંહ જાડેજા, હરદેવસિંહ જાડેજા, જગદીશભાઇ મેવાડા, પો.કોન્સ. એભલભાઇ બરાલીયા, પુષ્પરાજસિંહ જાડેજા, સોકતભાઇ ખોરમ

(વી.કે.ગઢવી)

**પોલીસ ઇન્સ્પેકટર,**
**ડી. સી. બી. પો.સ્ટે.**
**રાજકોટ શહેર**

પ્રેસનોટ

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

## ગુજરાત કંટ્રોલ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ એક્ટ-૨૦૧૫ (G.C.T.O.C.) ના ગુન્હામાં નાસતા-ફરતા રીઢા ગુન્હેગારને પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવિણકુમાર સાહેબ ઝોન-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-ર તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ નાઓએ નાસતા-ફરતા આરોપીઓની તપાસ કરી પકડી પાડવા સુચના આપેલ હોય જે અન્વયે ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર પી.એમ.ધાખડા તથા તેમની ટીમના માણસો સતત પ્રયત્શીલ હતા દરમ્યાન ટીમના અમીતભાઇ અગ્રાવત, મયુરભાઇ પટેલ તથા કુલદીપસિંહ જાડેજાને મળેલ હકીકત આધારે રાજકોટ શહેર થોરાળા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૨૦૮૦૫૬૨૦૧૨૩૩/૨૦૨૦ ધી ગુજરાત કંટ્રોલ ટેરેરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ (G.C.T.O.C.) એકટ – ૨૦૧૫ ની કલમ ૩(૨) તથા કલમ ૩(૪) મુજબના ગુન્હાના કામે નાસતો ફરતો આરોપી શાહીલ ઉર્ફે સોઇલો મહંમદભાઇ પારેખ મેમણ ને કુવાડવા ગામ નજીકથી પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ (G.C.T.O.C)

ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ (G.C.T.O.C) નો કાયદો સને.૨૦૧૫ માં ગુજરાત રાજયમાં અમલમાં આવેલ છે. જેનો ઉદ્દેશ સંગઠીત ગુના આચરતી ટોળી "organised crime syndicate " ના સાગરીતો એકબીજા સાથે મળી સંગઠીત થઇ ગુના આચરતી ટોળી ને નિયંત્રણ લેવા માટે નો છે.

➢ ગુન્હાની વિગત

રાજકોટ શહેરમાં છેલ્લા ઘણા વર્ષોથી ઇમ્તીયાઝ ઉર્ફે લાલો ભીખુભાઇ રાઉમા રહે. દુધસાગર રોડ રાજકોટ વાળો રાજકોટ શહેર વિસ્તારમાં પોતાની ગુનાહીત પ્રવૃતિ ચલાવવા માટે પોતાના ગુનેગાર સાગરીતો સાથે મળીને ગુનાઓ આચરવા માટે સંગઠીત ગુના આચરતી ટોળી "organised crime syndicate " બનાવેલ જે ગેંગના તમામ સાગરીતો છેલ્લા ઘણા સમયથી જુદા જુદા અનેક પ્રકારના અરસ પરસ મીલાપીપણાથી ગુનાઓ આચરે છે તેઓની આ પ્રવૃતિ સતત ચાલુ રહેલ અને અનેક ગુનાઓમાં સંડોવાયેલ છે અને તેઓની આ ગેરકાયદેસર ગતિવીધી આજીવીકાનુ સાધન બની ગયેલ હોય જેથી આવી

ટોળીના આરોપીઓ વિરૂધ્ધ સખત કાયદેસરની કાર્યવાહી કરી તેની ટોળી દ્વારા આચરવામા આવતા ગુન્હાઓ અટકાવવા ખુબજ જરૂરી હોય જેથી આ કામે ઇમ્તીયાઝ ઉર્ફે લાલો ભીખુભાઇ રાઉમા તથા તેની ટોળીના કુલ-૧૧ સભ્યો વિરૂધ્ધ તેના ગુન્હાહિત ઇતિહાસ આધારે ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ એકટ-૨૦૧૫ (G.C.T.O.C) ની કલમો મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ જે ગુન્હામાં શાહીલ ઉર્ફે સોઇલો મહંમદભાઇ પારેખ નાસતા-ફરતો હતો.

➢ રાજકોટ શહેર મા (G.C.T.O.C) મુજબ દાખલ થયેલ ગુન્હા

ગુજરાત સરકારશ્રી દ્વારા ધી ગુજરાત કંટ્રોલ ઓફ ટેરરીઝમ એન્ડ ઓર્ગેનાઇઝ ક્રાઇમ એકટ-૨૦૧૫ (G.C.T.O.C) અધિનીમય અમલમા મુકેલ અને જેથી કરી વારંવાર ટોળી દ્વારા ગુન્હાઓ આચરવામા આવતા હોય જેઓ ઉપર કડક કાર્યવાહી કરી તેઓની ગેરકાયદેસરની પ્રવૃતી ઉપર અંકુશ લાવી શકાય. જેથી સદરહુ કાયદા મુજબ આજ દિન સુધીમાં રાજકોટ શહેરમાં સૌ પ્રથમ વખત (૧) ઇમ્તીયાઝ ઉર્ફે લાલો ભીખુભાઇ રાઉમા ની ટોળી વિરૂધ્ધ ત્યારબાદ (૨) એઝાઝ ઉર્ફે ટકો અકબરભાઇ ઉર્ફે હકુભા ખીયાણી ની ટોળી વિરૂધ્ધ આ કાયદા મુજબ ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. તેમજ ભવિષ્યમા પણ આ પ્રકારની કાર્યવાહી આ પ્રકારના ગુના આચરતી ટોળી વિરૂધ્ધ રાજકોટ શહેર પોલીસ દ્વારા કરવામા આવશે.

➢ આરોપીઃ-

શાહીલ ઉર્ફે સોઇલો મહંમદભાઇ પારેખ ઉવ-૨૫ રહે દુધસાગર રોડ ગુજરાત હાઉસીંગ બોર્ડના કવાટરનં-૧૦૨/૭૫૩ કવાટર રાજકોટ

➢ આરોપીનો ગુન્હાહીત ઇતિહાસઃ-

| | | |
|---|---|---|
| ૧ | ચોટીલા | સે. ૩૦૫૧/૨૦૧૬ આઇ.પી.સી. કલમ ૫૦૪,૫૦૭, |
| ૨ | બી ડીવી. | પ્રોહી. ૫૯/૨૦૧૬ પ્રોહી. કલમ ૬૫-ઇ, ૧૧૬-બી |
| ૩ | ભેંસાણ જી.જુનાગઢ | પ્રોહી ૧૧૦/૨૦૧૬ પ્રોહી કલમ ૬૫ઇ, વિ. |
| ૪ | થોરાળા | ફ. ૧૩/૨૦૧૭ આઇ.પી.સી. કલમ ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, જી.પી.એકટ ૧૩૫(૧) |
| ૫ | ગોંડલ સીટી | ફ. ૬૮/૨૦૧૭ આઇ.પી.સી. કલમ ૩૭૯ |
| ૬ | એ ડીવી. | સે. ૬૩/૨૦૧૮ આઇ.પી.સી. કલમ ૪૨૭, ૫૦૪, ૫૦૬, |
| ૭ | એ ડીવી. | ફ. ૧૬૨/૨૦૧૮ આઇ.પી.સી. કલમ ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૩૨૩, ૩૨૪, ૫૦૪, જી.પી.એકટ કલમ ૧૩૫(૧), ૩૭ |
| ૮ | બી ડીવી. | પ્રોહી. ૧૦૧/૨૦૧૮ પ્રોહી. કલમ ૬૫-ઇ, ૧૧૬-બી, ૮૧ |
| ૯ | થોરાળા | સે. ૮૪/૨૦૧૯ આઇ.પી.સી. કલમ ૫૦૪,૫૦૬(૨), ૧૧૪ |

➢ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ ઇન્સપેકટર વી.કે.ગઢવી તથા પો.સબ.ઇન્સ. પી.એમ.ધાખડા તથા પો.હેડ કોન્સ. મયુરભાઇ પટેલ, અમીતભાઇ અગ્રાવત, વિરેન્દ્રસિંહ ઝાલા, તથા પો.કોન્સ., નગીનભાઇ ડાંગર, કુલદિપસિંહ જાડેજા સંજયભાઇ રૂપાપરા, પ્રદીપસિહ જાડેજા, જયદીપસિંહ ઝાલા દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.૦૪/૦૧/૨૦૨૧

(વી.કે.ગઢવી)
પોલીસ ઇન્સ્પેકટર
ડી.સી.બી. પોલીસ સ્ટેશન
રાજકોટ શહેર

પ્રેસનોટ

# રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ

## જુનાગઢ જેલ માંથી વચગાળાના જામીન ઉપરથી છુટી નાસતા ફરતા કાચાકામ ના કેદીને ચોરીના મુદામાલ સાથે પકડી પાડતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંન્ચ

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબ તથા સંયુકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ એહમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવિણકુમાર સાહેબ ઝોન-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી મનોહરસિંહ જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયા સાહેબ નાઓ દ્વારા નાસતા-ફરતા આરોપીઓ પકડવા સુચના આપેલ હોય જે અન્વયે ડી.સી.બી. પોલીસ સ્ટેશનના પોલીસ સબ ઇન્સ્પેકટર પી.એમ.ધાખડા તથા તેમની ટીમના માણસો સતત પ્રયત્શીલ હતા દરમ્યાન ટીમના પ્રદીપસિંહ જાડેજા, અમીતભાઇ અગ્રાવત, તથા નગીનભાઇ ડાંગરને મળેલ હકીકત આધારે જુનાગઢ જીલ્લા ના કેશોદ પોલીસ સ્ટેશનના ચોરીના ગુન્હા ના કામે જુનાગઢ જેલ માંથી **વચગાળાના જામીન ઉપર છુટી નાસતા-ફરતા કાચા કામના કેદી** અરવિંદભાઇ અરજણભાઇ વાઢીયાને ચોરીના મુદામાલ સાથે આજીડેમ ચોકડીના ઓવરબ્રીજ ઉપરથી પકડી પાડી કાયદેસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

➢ આરોપી-

અરવિંદભાઇ અરજણભાઇ વાઢીયા જાતે-કોળી ઉ.વ.૨૬ રહે. બાલાગામ વાડી વિસ્તાર તા. કેશોદ જી. જુનાગઢ હાલ જુનાગઢ જેલ

➢ મળી આવેલ મુદામાલ-

(૧)એક મોબાઇલ ફોન સફેદ કલરનો આઇટેલ કંપનીનો કીપેડ વાળો
(૨)એક એચ.પી.કંપનીની પેનડ્રાઇવ
(૩)રોકડા રૂપીયા ૧૪૪૦/-
(૪)એક લુંગી (સાલ)

➢ આરોપીએ ગુન્હાની આપેલ કબુલાત

- **તા.૭/૦૧/૨૦૨૧ ના રોજ વહેલી સવારના ૫ થી ૭ વાગ્યાની વચ્ચે શાપર વેરાવળ પરફેકટ વે-બ્રીજ પાસે પાર્ક કરેલ ટ્રકની કેબીનનો દરવાજો ખોલી તેમાંથી એક સફેદ કલરનો કીપેડ વાળો મોબાઇલ ફોન,** તથા એક એચ.પી. કંપનીની પેન ડ્રાઇવ તથા રોકડા રૂ.૧૫૦૦/- તથા એક લુંગી (સાલ) ની ચોરી કરેલ ની કબુલાત આપેલ છે

➢ આરોપી વિરૂધ્ધ ના ગુન્હાઓ-

(૧) જુનાગઢ જીલ્લાના કેશોદ પો.સ્ટે. ગુ.ર.ન. ૨૬/૨૦૧૯ આઇ.પી.સી.કલમ ૩૭૯ મુજબ

(૨) જુનાગઢ જીલ્લાના કેશોદ પો.સ્ટે. ગુ.ર.ન ૧૧૨૦૩૦૩૦૨૦૧૦૬૧/૨૦ પ્રોહી કલમ ૬૬(૧)(બી)

(૩) સદર કામનો આરોપી અગાઉ કુવાડવા વિસ્તારમા મોબાઇલ ચોરીના ગુન્હામા પકડાયેલ છે

➢ કામગીરી કરનાર અધિકારી તથા કર્મચારી-

રાજકોટ શહેર ડી.સી.બી. પો.સ્ટે.ના પોલીસ ઇન્સપેકટર વી.કે.ગઢવી તથા પો.સબ.ઇન્સ. પી.એમ.ધાખડા તથા પો.હેડ કોન્સ. મયુરભાઇ પટેલ, અમીતભાઇ અગ્રાવત, વિરેન્દ્રસિંહ ઝાલા, તથા પો.કોન્સ. કુલદિપસિંહ જાડેજા, નગીનભાઇ ડાંગર સંજયભાઇ રૂપાપરા, પ્રદીપસિંહ જાડેજા, દ્વારા કામગીરી કરવામા આવેલ છે.

તા.-૧૧/૦૧/૨૦૨૧

(વી.કે.ગઢવી)
**પોલીસ ઇન્સ્પેકટર**
**ડી.સી.બી. પોલીસ સ્ટેશન**
રાજકોટ શહેર

# રાજકોટ શહેર ક્રાઇમબ્રાંચ

## ગરીબ અને નિરક્ષર લોકોને સ્મોલ ફાઇનાન્સ કંપનીઓમાંથી ઓનલાઇન બેંક લોન કરાવી આપી લોન ચાર્જના નામે તગડી રકમની છેંતરપીંડી કરતા ઇસમોને પકડી કૌભાંડનો પર્દાફાસ કરતી રાજકોટ શહેર ક્રાઇમ બ્રાંચ

તાજેતરમાં હેદરાબાદ ખાતે ચાઇનીઝ એપ્લીકેશન લોન સ્કેમનો બનાવ બનવા પામેલ હતો જેમાચાઇનીઝ આરોપીની હેદરાબાદ પોલીસે ધરપકડ કરી ૨૧૦૦૦ કરોડ લોન સ્કેમનો પર્દાફાશ થયેલ છે. જે બાબતે રાજકોટ શહેર વિસ્તારમાં આવા ફાઇનાન્સીયલ સ્કેમ બાબતે જરૂરી તકેદારી રાખવા અને આવી કોઇ બાબતે ધ્યાન ઉપર આવે તો તાત્કલીક જરૂરી પગલા લેવા **રાજકોટ શહેર પોલીસ કમિશ્નર શ્રી મનોજ અગ્રવાલ સાહેબે** સુચના કરેલ હતી. જે અંગે **સયુંકત પોલીસ કમિશ્નર શ્રી ખુરશીદ અહેમદ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી પ્રવિણકુમાર મીણા સાહેબ ઝોન-૧ તથા શ્રી જાડેજા સાહેબ ઝોન-૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નર ક્રાઇમ શ્રી ડી.વી.બસીયાનાઓએ**ઉપરોકત બાબતે હકિકત મેળવી કાયદેસર કાર્યવાહી કરવા અમોને જરૂરી માર્ગદર્શન અને સુચનાઓ આપવામાં આવેલ હતી. જેથી આ બાબતે ડી.સી.બી. પો.સ્ટેના પો.સબ ઇન્સ. એમ.વી.રબારી અને તેની ટીમને કાર્યરત કરવામાં આવેલ જે દરમ્યાન ગત તારીખ ૦૨/૦૧/૨૦૨૧ ના રોજ **પો.સબ ઇન્સ. એમ.વી.રબારીની ટીમના પો.હેડ કોન્સ. પ્રતાપસિંહ ઝાલા અને પો.કોન્સ. પુષ્પરાજસિંહ જાડેજાનાઓને**બાતમીદાર મારફતે હકિકત મળેલ કે લક્ષ્મીનગર-૧ પાસે, ક્રિષ્ના પ્લાઝા કોમ્પ્લેક્ષ પ્રથમ માળે નાનામવા રોડરાજકોટ ખાતે ઓફીસ ધરાવતા જીજ્ઞેશ પરમાર અને રવિ પરમાર ઉપરોકત મુજબ લોનની જરૂરીયાત વાળા ગરીબ લોકોને જે તેના મોબાઇલ ફોનમાં ફાઇનાન્સ કંપનીની એપ્લીકેશન ઓપરેટ કરાવી આઇડી અને પાસવર્ડ મેળવી મંજુર થયેલ લોનમાંથી તગડી રકમની છેંતરપીંડી કરતા હોવાની હકિકત મળેલ હતી જે આધારે તારીખ ૦૨/૦૧/૨૦૨૧ ના રોજ ઉપરોકત જગ્યાએ રેઇડ કરતા જીજ્ઞેશભાઇ પરમાર, રવિભાઇ પરમારતથા મહેન્દ્રભાઇ કુમાવત મળી આવેલા હતા અને ઓફીસમાં લોનની જરૂયાત વાળા ગરીબ અને અભણ લોકોની લોન લેવા માટેની હાજરી મળી આવેલ હતી. જે બાબતે અત્રેના પો.સ્ટેશનમાં જાણવા જોગ એન્ટ્રી નંબર ૦૧/૨૦૨૦ તારીખ ૦૨/૦૧/૨૦૨૧ થી રજીસ્ટર કરી આ બાબતે વધુ તપાસ પો.સબ ઇન્સ. એમ.વી. રબારીએ કરેલ હતી. જે દરમ્યાન નીચે જણાવેલ નામ વાળા ઇસમો વિરૂધ્ધ ગુનાહિત પ્રવુતિ જણાતા ગરીબ લોકોને લોન અપાવી તેમાંથી તગડી રકમની છેતરપીંડી કરવાના કૌભાંડનો પર્દાફાશ કરવામાં આવેલ છે.

❖ પકડાયેલા આરોપીઓ:-

(૧) પ્રતિકઉર્ફે જીજ્ઞેશ મહેશભાઇ પરમારજાતે રજપુત ઉવ. ૩૪

(૨) રવિ મહેશભાઇ પરમાર જાતે રજપુત ઉવ. ૩૨ બન્ને રહે. રેલનગર માધવ બંગલોઝ નં. ૪ રાજકોટ

(૩) મહેન્દ્ર કુકાભાઇ કુમાવત જાતે મારવાડી ઉવ. ૩૦ રહેમોરબી રોડ ઇન્દ્રપ્રસ્થ સોસાયટી રંગોલી બેકરીની પાછળ રાજકોટ

(૪) શૈલેષભાઇ ઉર્ફે સાન જેંતીલાલ પીઠડીયા રહેદેવ આશિષ સોસાયટી બ્લોક નં ૫૯ રાંદેર રોડ સુરત

❖ <u>ગુનાની વિગતઃ-</u>

આ કામના આરોપીઓએ ગુનાહિત કાવત્રુ રચી પોતાનો સમાન ઇરાદો પાર પાડવા માટે ઓફીસ ભાડે રાખી ફરીયાદીશ્રી વિજય નટવરભાઇ ચૌહાણના મોબાઇલમાંથી સીમ્પ્લીકેસ (Simply Cash) એપમાંથી રૂ.૧,૫૦,૦૦૦/- ની લોન મંજુર કરાવી જેમાં રૂ.૫,૮૪૨/- રૂપિયા જ કાયદેસર કપાયેલ તેમ છતા ફરીયાદીને આ કામના આરોપીઓએ એસબીઆઇની યોનો એપ દ્રારા નેટબેકીંગ ચાલુ કરાવી ફરી. પાસેથી નેટ બેકીંગ માટેને યુઝરનેમ તથા પાસવર્ડ મેળવી રૂ.૩૬,૦૦૦/- ફરી.ને અંધારામાં રાખી છેતરપીંડી, વિશ્વાસઘાત કરી, ઠગાઇ કરી ફરી.ના ધ્યાન બાર ફરી.ના અકાઉન્ટમાંથી ઓનલાઇન મેળવી લઇ ફરીયાદી તથા જયશ્રીબેન સાથે રૂ.૨૫,૦૦૦/- તથા અશોકભાઇ સાથે રૂ.૩૫,૦૦૦/- તથા અન્ય આશરે ૬૦- ૭૦ માણસો સાથે પણ ઉપર મુજબની રીતે વિશ્વાસઘાત છેતરપીંડી કરી અલગ-અલગ રકમ મેળવી લઇ આરોપીઓએ ગુનો કર્યા બાબત.

❖ <u>કબજે કરેલ મુદામાલઃ-</u>

મોબાઇલ ફોન નંગ-૪ કિમંત રૂા. ૬૦,૦૦૦/-

❖ <u>ગુનાની મોડસ ઓપરેન્ડી અને આરોપીઓનો રોલ</u>

આ કામના આરોપી મહેન્દ્ર કુમાવતનાઓ શહેરમાંથી ગ્રાહકો શોધી લાવી આરોપી જીજ્ઞેશ અને રવિ નાઓને તેની ઉપરોકત ઓફીસ ખાતે સંપર્ક કરાવી અને જે તે ગ્રાહકોને ઓનલાઇન નેટ બેંકિગ કરવા જે તે બેંકે મોકલી આપી ઓનલાઇન નેટ બેંકિગ ચાલુ થઇ ગયા બાદ જે તે ગ્રાહકોના આધાર કાર્ડ અને પાન કાર્ડ મેળવી આરોપી શૈલેષ પીઠડીયાનાઓને વોટસએપથી મોકલી આપી શૈલેષ પીઠડીયાનાઓ આધાર કાર્ડ પાન કાર્ડથી ઓનલાઇન PAISABAZAR વેબસાઇટમાંથી CIBIL ચેક કરી ગ્રાહકની KYCડીટેઇલ જે તે ગ્રાહકના મોબાઇલમાંહીરો ફીન કોર્પ ફાઇનાન્સની સીમ્પ્લીકેસ (Simply Cash), NAVI, FISDOM,CENDING KART વિગેરે સ્મોલ ફાઇનાન્સ કંપનીઓની એપમાંનાંખી ગ્રાહકના CIBIL આધારે તાત્કાલીક લોન મંજુર કરાવી જે તે ગ્રાહકના બેંક ખાતામાં પૈસા જમા થાય એટલે તુરત જ ઓનલાઇન નેટ બેંકીગથી ૩૦ થી ૩૫ હજાર જેટલા નાણા પોતાના ખાતામાં ટ્રાંન્સફર કરી તે નાણા લોન પ્રોસેસના કપાયેલા હોવાનું ગ્રાહકોને જણાવી જુદી જુદી રકમની છેતરપિડી કરી ગુનો કરે છે.

❖ <u>લોન ઇચ્છુકોના મોબાઇલમાં ઓનલાઇન નેટ બેંકીગ ચાલુ કરાવી રૂપિયા પોતાના ખાતામાં ટ્રાંન્સફર કરાવતા</u>

આ કામના આરોપીઓ પાસે લોન ઇચ્છુક ગ્રાહકો આવે ત્યારે તેઓને બેંક ખાતામાં નેટ બેંકીગ ચાલુ કરાવવા માટે જે બેંકમાં ખાતુ હોય ત્યાં મોકલી મોબાઇલમાં નેટ બેંકીંગની સુવિધા ચાલુ કરાવતા ત્યારબાદ નેટ બેંકીગના યુજર આઇડી અને પાસવર્ડ આરોપીઓ મેળવી લઇ અને તેના આધારે જે લોનના નાણાં ખાતામાં જમા થયા બાદ ગ્રાહકોની જાણ બહાર રૂપિયા પોતાના ખાતામાં રૂા. ૩૦ થી ૩૫ હજાર જેટલા ટ્રાંસફર કરતા.

❖ <u>આરોપી શૈલેષ પીઠડીયા PAISABAZAR વેબ સાઇટથી CIBIL સ્કોર જાણતા</u>

આ કામનો આરોપી શૈલેષભાઇ પીઠડીયાનાઓ ગ્રાહકોની લોન મંજુર કરાવવા માટે બેંકનોCIBILસ્કોરજાણવા માટે ગ્રાહકોની વિગત PAISABAZAR વેબસાઇટ/એપ્લીકેશનથી જાણી CIBIL સ્કોર સારો હોય તો જ સ્મોલ ફાઇનાન્સ કંપનીની ઓનલાઇન એપ્લીકેશન જેવી કે (Simply Cash), NAVI, FISDOM,CENDING KART વિગેરે એપ્લીકેશનમાં ગ્રાહકોના મોબાઇલ નંબર આધારે લોગઇન થઇ ગ્રાહકના મોબાઇલમાં ઓટીપી નંબર આવે તે મેળવી તેના આધારે લોન અરજી સબમીટ કરી લોન મંજુર કરાવતા.

❖ આરોપીઓ ઓનલાઇન નાણાં પોતાના ખાતામાં ટ્રાંન્સફર કરવા ગ્રાહકોના મોબાઇલ/બેંક પાસબુક પોતાની પાસે જ રાખી લઇ બીજા દીવસે પરત આપતા

લોન ઇચ્છુક ગ્રાહકો જયારે લોન લેવા માટે આવે તે વખતે ગ્રાહકોએ જે તે બેંકમાંથી કરેલા નેટબેંકીગનો ઉપયોગ કરી પૈસા ટ્રાંન્સફર કરવા ગ્રાહકનો મોબાઇલ ફોન અને બેંક પાસબુક, આધારકાર્ડ, પાનકાર્ડ વિગેરે ડોકયુમેન્ટસ પોતાની પાસે રાખી લઇ લોન મંજુર થઇ અને રૂપીયા ટ્રાંન્સફર થઇ ગયા બાદ ડોકયુમેન્ટ પરત આપતા અને લોન મંજુર થઇ ગયા બાદ લોનના હપ્તા ઓટો ઇસીએસ થી થતા હોય જેથી કોઇ જવાબદારી રાખતા ન હતા.

❖ આરોપીઓ કોઇ બેંક કે ફાઇનાન્સ કંપનીના ઓથોરાઇઝડ ન હોવા છતાં લોન મંજુરીનું કમીશન લઇ છેતરપીંડી કરતા

લોન આ કામના આરોપીઓ કોઇ બેંક કે ફાઇનાન્સ કંપનીના કર્મચારીઓ કે એજન્ટ તરીકેની ઓથોરીટી નહી હોવા છતાં માત્ર ઓનલાઇન ફાઇનાન્સ કંપનીની મોબાઇલ એપ ઓપરેટ કરી કરાવી ગ્રાહકોની જાણ બહાર ૩૦ થી ૩૫ હજાર જેટલી રકમ મેળવી લઇ ગ્રાહકોને લોન પ્રોસેસ ફી ગણાવી છેતરતા. જે બાબતે જે તે લોન ઇશ્યુ કરનાર બેંક કે ફાઇનાન્સ કંપની આ બાબતથી અજાણ છે.

❖ કૌભાંડનો મુખ્ય સુત્રધાર શૈલેષે સુરત ખાતે ૫૦૦ થી વધુ લોકો સાથે છેતરપીંડી કરેલ છે.

આરોપી શૈલેષભાઇ પીઠડીયાનાઓ કતારગામ સુરત ખાતે સાનવી એન્ટરપ્રાઇઝ નામની ઓફીસ ધરાવી ૫૦૦ થી વધુ લોકોને ઓનલાઇન તાત્કાલીક લોન અપાવી લોન ગ્રાહકોના હકકના નાણાની માતબર રકમની છેતરપીડી કરવામાં આવેલ છે.

❖ આરોપીઓના બેંક એકાઉન્ટસ ફ્રિજીંગ કરાવવા કાર્યવાહી કરવામાં આવી.

આ કામના આરોપીઓ ગ્રાહકો પાસેથી ઓનલાઇન પોતાના ખાતામાં રૂપિયા જમા કરતા હોય જેથી જે તમામ આરોપીઓના બેંક એકાઉન્ટસ ફ્રિજીંગ કરાવવા કાર્યવાહી કરવામાં આવેલ છે.તેમજ આરોપીઓના બેંક સ્ટેટમેન્ટ એનાલાઇઝડ કરવામાં આવેલ છે.જેથી ભોગબનનારના નાણાં જે તેને પરત મળી શકે.

આ કામે ડી.સી.બી. પો.સ્ટેશન ગુ.ર.નંબર ૧૧૨૦ ૮૦૫૫ ૨૧૦૦૦૪/૨૦૨૧ ઇ.પી.કો કલમ ૪૦૬, ૪૨૦, ૧૨૦બી, ૩૪ વિગેરેમુજબ ગુનો રજીસ્ટર કરવામાં આવેલ છે. અને આ કામે રાજકોટ ખાતે કુલ ૬૦ થી ૭૦ અને સુરત ખાતે ૫૦૦ થી વધુ ઇસમો ભોગ બનેલાનું ફલીત થયેલ છે. તેમજ આ બાબતે આઇ.ટી.એકટ મુજબનો ગુનો બનતો હોય આઇ.ટી. એકટ ૬૬સી, ૬૬ડી મુજબનો ઉમેરો કરવા નામદાર કોર્ટને રીપોર્ટ કરવામાં આવેલ છે.

આ બાબતે તાજેતરમાં ફાઇનાન્સીયલ ફ્રોડ અંગેની તાલીમ લઇ આવનાર સાઇબર સેલના પો.સબ ઇન્સ. જે.કે.ગઢવીની ગુનાની તપાસ બાબતે જરૂરી મદદ લેવામાં આવેલ છે.

❖ **આ કામગીરી કરનાર અધી./કર્મચારીઓ:-**

પો.ઇન્સ. વી.કે.ગઢવી તથાપો.સબ.ઇન્સ. એમ.વી.રબારી,એ.એસ.આઇ. જયેન્દ્રસિંહ એમ. પરમાર, પો.હેડ કોન્સ. પ્રતાપસિંહ ડી. ઝાલા,દીગ્વિજયસિંહ જાડેજા, હરદેવસિંહ જાડેજા, જગદીશભાઇ મેવાડા, પો.કોન્સ. એભલભાઇ બરાલીયા,પુષ્પરાજસિંહ જાડેજા, સોકતભાઇ ખોરમ

નોંધ:- રાજકોટ શહેરની જાહેર જનતાને અપીલ કરવામાં આવે છે કે આવા કોઇ ફાઇનાન્સીયલ ફ્રોડ અંગે કોઇ નાગરીક ભોગ બનેલ હોય તો ત્વરીત રાજકોટ શહેર પોલીસનો સંપર્ક કરે.

( વી.કે.ગઢવી )
પોલીસ ઇન્સ્પેકટર,
ડી. સી. બી. પો.સ્ટે.
રાજકોટ શહેર